# મારા શહેરની હાલત આવી તો ન હતી...

મારા શહેરની સડકો આવી ખાલી તો ક્યારેય ન હતી! હમણાંથી વધી રહેલા ટ્રાફિક અને રોજ રોજ થતાં અકસ્માત જોઈ મનમાં ક્યારેક એવી ઈચ્છા જરૂર આવતી કે કાશ આજે ટ્રાફિક ઓછો હોય, પણ એ ખાલી રસ્તા અત્યારે જરાય સારા નથી લાગી રહ્યાપ

કેટલા લોકો એવા હશે જેના ઘરે અત્યારે લગ્ન લેવાના હતા. જે હાથોમાં મહેંદી લાગવાની હતી ત્યાં હાલમાં સેનીટાઈજર લગાવવું ફરજિયાત બન્યું છે! ફેશિયલ કરીને ચમકાવવાનો હતો એ ચહેરો હાલ માસ્ક પાછળ ઢંકાઈ ગયો છે. ક્યાંક કોઈને પરિક્ષા આપવાની હતી, ક્યાંક કોઈને નોકરીનો ઓર્ડર આવવાનો હતો! જેના ઘરે વેકેશનમાં ક્યાં બહાર જવું એનું પાક્કું પ્લાનિંગ થઈ ગયેલું અને આજે એ પરિવાર એના જ ઘરમાં પુરાઈ ટીવીમાં આખી દુનિયા ટ્રાવેલ ચેનલો દ્વારા જોવા મજબૂર બન્યો છે.

આ જે થઈ રહ્યું છે એ કુદરતનો તમાચો છે માણસના

## લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

ગાલ ઉપર! માણસ ગમે એટલો હોશિયાર થઈ જાય પણ જ્યારે જ્યારે એ કુદરતની સામે પડે છે ત્યારે ઊંધે કાંધ પટકાય છે. હાલ પણ આપણી હાલત જુઓ કુદરત સામે લાચાર બની ઘરમાં પુરાઈ રહેવા સિવાય કોઈ રસ્તો છે?

નજીકના ભવિષ્યમાં જ આપણે આ વાઈરસને હરાવી દઈશું. રોકાઈ ગયેલા લગ્ન, પરિક્ષા, નોકરી, બહાર ફરવાનું બધું પહેલા જેવું ચાલું થઈ જશે પણ આટલો લાંબો સમય ફરજિયાત પણે ઘરમાં પુરાયેલા રહીને તમે કોઈ બોધ નહીં લો તો તૈયાર રહેજો આગળ પણ આવી પરિસ્થિતિ માટે.

આજે નદીઓનું પાણી ચોખ્ખું થઈ ગયું છે. હવામાં પ્રદૂષણનું પ્રમાણ ઘટયું છે. પક્ષીઓ છૂટથી ખુલ્લામાં ઉડતા દેખાઈ રહ્યા છે. આ બધું આપણા લીધે જ દૂષિત, ત્રાહિત થયેલું એ વાતથી હવે કોઈ ઇનકાર નહિ કરી શકે. વચન આપો તમારી જાતને કે હું હવે કુદરતના રસ્તે આડો નહિ ઊતરું!

હમણાં જ વરસાદની સિઝન આવી જશે તમે તમારા ઘરની આસપાસની ખાલી જગ્યામાં વૃક્ષો રોપજો અને એનું જતન કરજો. ક્યાંય બહાર ફરવા જાઓ તો એ સ્થાનને ગંદકીનો ઢેર ના બનાવતા. નદી/ઝરણામાં નહાવાનું કે કોઈ પણ જાતનો કચરો ઠાલવવાનું ટાળજો. કારણ વગર વાહન લઈને ફરવાનું કે હોર્ન માર્યા કરવાની આદત ભૂલી જજો.

બસ, આટલું જ કરવાનું છે જો ભવિષ્યમાં આવી રીતે ઘરમાં પુરાઈ ન રહેવું હોય તો, કુદરતના ભાથામાં ઘણા હથિયાર છે, આપણે વિચાર્યા પણ ના હોય એવા...

### દેશ વિદેશથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડે ડિજિટલ માધ્યમ દ્વારા

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી ગાંધીનગરે ઈ-સંમેલનનું આયોજન કર્યું

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડે સીધો સંવાદ કરવા, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી એ ઓનલાઈન મીટીંગ કરી હતી. જેમાં વિશ્વભરમાં સ્થાયી થયેલા ૧૫૦ થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ખુબ આનંદભેર અને ઉત્સાહ થી ભાગ લીધો હતો.

કાર્યક્રમ ની શરૂઆત માં યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ ડો કાર્તિક જૈન દ્વારા સૌ વિદ્યાર્થીઓનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ એ જણાવ્યું હતું કે, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી નું એક અવિભાજ્ય અંગ છે અને અમારા માટે આ ગૌરવ ની વાત છે કે અમારા વિદ્યાર્થીઓ આજે દેશ વિદેશ પોતાની કારકિર્દી માં ખુબ સારી પ્રગતિ કરી રહ્યા છે. તેઓ એ યુનિવર્સિટી એ હાલ ના દિવસો માં શરુ કરેલ વેબિનાર, એક્સપર્ટ ટોક, ઈ-ટેલી મેડિસિન એન્ડ કાઉન્સેલિંગ, વિદ્યાર્થીઓ માટે વિના મુલ્યે કોરોના હેલ્થ વીમો વિગેરે પ્રવૃતિઓ થી માહિતગાર કાર્ય હતા.

શ્રી નિમેષ દવે, ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ હેડ એ આ મિટિંગ માં જણાવ્યું હતું કે, આપણી યુનિવર્સિટી જે ભારત ની પહેલી સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે, જે હંમેશા ઉદ્યોગ સાહસિકતાના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે તેઓ પણ આ કાર્ય માં જોડાય અને ભારત સરકાર ના 'મેક ઈન ઈન્ડિયા' , 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'ના મિશનને વેગવંતુ બનાવે.

આ પ્રસંગે પ્રોવોસ્ટ ડો. કાર્તિક જૈને એલ્યુમિ માટે ખાસ વેબપોર્ટલ બનાવવાની જાહેરાત કરી હતી અને તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ને અપીલ પણ કરી હતી કે આજના આ કોવિડ-૧૯ ના અઘરા સમય માં એકબીજા સાથે મળીને સમાજ માટે મદદરૂપ ના કાર્યો કરવાની પહેલ કરીયે.

ઓનલાઈન મીટમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ પોતાના કોલેજ સમય ના દિવસો ની મસ્તી, કેન્ટીન, પરીક્ષા વખત નો સમય, કલચરલ પ્રવૃતિઓ વિગેરે સ્મરણોને વાગોળ્યા હતા.તેઓ એ યુનિવર્સિટી અને તમામ ફેક્લટી મેમ્બર્સનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ આજે પોતાની કારકિર્દીમાં જે જગ્યા પર પહોંચ્યા છે એમાં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ખુબ અગત્યની ભૂમિકા ભજવી છે.

વિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી જે ગતિ થી પ્રગતિ કરી રહી છે તે અંગે ખુબ ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.

યુનિવર્સિટીના વિકાસના કાર્યોમાં પોતાનું યોગદાન આપવાની તત્પરતા બતાવતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ એક્સપર્ટ ટોક, ઔદ્યોગિક મુલાકાત, પ્રોજેક્ટ ડેવલપમેન્ટ,જોબ પ્લેસમેન્ટ વિગેરે કાર્યોમાં સ્વેછાએ પોતાનો સમય અને માર્ગદર્શન આપવાની સહમતી આપી હતી.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પ્રથમ ઓનલાઈન સંમેલનનું સફળતાપૂર્વક આયોજન અને કોર્ડીનેશન, શ્રી અજિત પુજારા,ઈન ચાર્જ પ્રિન્સિપાલ (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી), નિમિષ દવે (ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ હેડ અને તમામ ઈન્સ્ટિટ્યૂટ ના ફેક્લ્ટી સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.




લોકડાઉનના સમયમાં ધોરણ-૬ ની વિદ્યાર્થીની શગુન ચિરાગભાઈ ખત્રીએ અદ્ભૂત ચિત્રોનું સર્જન કરી કલા કૌશલ્યની અભિવ્યક્તિ કરી હતી.

## ડાયરેક્ટ ❤ સે

યાદ કરવામાં અને જરૂર પડે ત્યારે યાદ કરવામાં તફાવત છે...

## જન્મદિને વધામણી

**નીતિનભાઈ નારાયણભાઈ મહેરિયા**
મો. ૯૯૭૯૯ ૩૬૩૯૯

**હ્રિધાન સેહુલ સોની**
મો. ૯૮૭૯૪ ૨૩૦૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગૂજરાત વિદ્યાપીઠની કોવિડ-૧૯ અને આઈ.સી.ટી. જનજાગૃતિ અભિયાનમાં વિપુલ ભાગીદારી

ગાંધીનગર, તા. ૬

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર




રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને ઉન્નત ભારત અભિયાન દ્વારા લૉકડાઉન દરમ્યાન બે લોકોપયોગી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ અને તેમાં લોકોએ વિપુલ ભાગીદારી કરી અદ્ભુત પ્રતિસાદ આપ્યું. રા.સે.યો. કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને જળાવ્યું કે રાજ્યમાં કોરોનાની સ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જાય છે એવાં કોરોના ઉપયો પ્રત્યે જનજાગૃતિની અનિવાર્યતા વધી જાય છે. તેને ધ્યાનમાં લઈ ઉન્નત ભારત અભિયાનના સંયોજન ટેક્નીકલ વિભાગીય સાથી ડૉ. સતીશ પટેલની મદદથી કોવિડ-૧૯ જનજાગૃતિ સ્પર્ધા આયોજિત કરવામાં આવી જેમાં આરોગ્ય સેતુ એપ, માસ્ક પહેરીને નિકળવું, ઘેર રહેવું, સાબુથી બારંબાર હાથ ધોવું વગેરે આવશ્યક પ્રશ્નોનું સમાવેશ કરવામાં આવ્યુ હતું. આશ્ચર્ય વચ્ચે માત્ર ૨૪ કલાકમાં ૭૩૦૩ પ્રતભાગિઓએ સફળતાપૂર્વક ભાગીદારી નોંધાવી જેમાં જનજાગૃતિનો સરેરાશ ૮૦ ટકા રહ્યું. તેમજ વિદ્યાર્થી સમાજમાં આઈ.સી.ટી. જાગિત સ્પર્ધામાં ૩,૧૨૬ લોકોએ ભાગીદારી કરી પ્રમાણપત્રો મેળવ્યા હતા.

વિભાગના નિયામક ડૉ. રાજીવ પટેલે વિભાગના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા લૉક ડાઉન દરમ્યાન કરવામાં વી રહેલી નોધનીય કામગીરીની જાણકારી આપતા કહ્યું કે વિદ્યાર્થિઓ પોતાના વતનમાં સુરક્ષિત રહી પર જનકલ્યાણની કામગીરીમાં સક્રિય રીતે ભાગીદારી કરી રહ્યા છે.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ચઢાવ ગામનો વતની અતુલ પટેલ ગત દિવસોથી સ્થાનીય કાર્યકર્તાઓ સાથે રહીને હોમ કોરોન્ટાઈનની ફોર્મ ભરવાની કામગીરીમાં મદદ કરી રહ્યો છે. તેમજ સરકારશ્રી કોવિડ-૧૯ વિજય સંકલ્પની કામગીરીમાં આકર્ષક બેનરો બનાવી જુદા જુદા વિસ્તારોના સ્વયં સેવકો- પ્રતીક ગાંવિત ડાંગ, રુત્વિક પટેલ અને નિર્મળ પટેલ મોતીપુરા-સાદરા તથા રાંધેજા ગામના સુમિત્રા રાવલ, દહેગામના વિદ્યાબેન વગેરે સરસ કામગીરી કરી રહ્યા છે.


GUJARAT VIDYAPITH: AHMEDABAD
Centre for Studies in Rural Management
Faculty of Management and Technology, Randheja, Dist. Gandhinagar - 382 620

CERTIFICATE
This certificate declares that
Katara Ariun
Gramseva mahavidhyalay Grambharti...amrapur
has Completed
"Covid-19 Pandemic Web Awareness"
on 5/4/2020, with a passing score of 95% .
UEMTAE-CE001282

Dr. Rajiv Patel, Director-CSRM | Dr. Satish Patel, UBA, Coordinator | Dr. Lokesh Jain, NSS, Coordinator

# શહેર બંધ હૈ... સોચ નહીં...

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ઉત્કૃષ્ટ વ્યવસાયે પ્રોફેશનલ ફોટોગ્રાફર એવા જતીન ભાઈ પ્રજાપતિ એ આ કોરોનાની જે મારામારી ચાલી રહી છે એવા કપરા સમયમાં ઘરે બેસીને એક એવી વિડિયોગ્રાફી તૈયાર કરી કે જેનાથી ગાંધીનગર ના લોકોમાં ઉત્સાહ વધે અને આ મહામારી સામે લડત આપવાનો હોંસલો જાગે. જેનું તેઓએ 'શહેર બંધ હૈ... સોચ નહીં....' એવા અદભૂત ટાઈટલ સાથે ખુબ જ સુંદર વિડિયોગ્રાફી બનાવવામાં આવી હતી.

જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા (જીગા બાપુ), રાધે-રાધે પરીવારના તન્મયભાઈ પટેલ તથા રાહુલ સુખડીયા, ચાઈલ્ડ આર્ટિસ્ટ હેલ્લારો મુવી ના પ્રાપ્તિ મહેતા, ડાન્સ આર્ટિસ્ટ સૌરભ રામાનુજ, સેલ્ફ ઈમ્યુનીટી આર્ટિસ્ટ વૈશાખી પટેલ, ગૃહિણી નિશા રામખીયાણી, બિઝનેસમેન ચેતનસિંહ વાલા, શિક્ષક રવીતા ચતુર્વેદી, પ્રોફેશનલ ચીફ કન્નીકા મહેતા, મેક અપ આર્ટિસ્ટ સ્વપ્નિલ પટેલ, લેખક જતન પંડ્યા, ગવર્મેન્ટ એમ્પલોય ભામીની પટેલ, ફોટોગ્રાફર આદર્શ પટેલ, સિવીલ એન્જિનિયર હર્ષ પટેલ, એરીયલ અને બેલી ડાન્સ આર્ટિસ્ટ નુપુર શાહ, ફિટનેસ કોચ દેવ કનોજીયા. જેઓના સાથ અને સહકારથી ખુબ જ સુંદર વિડિયોગ્રાફી તૈયાર કરવામાં આવી છે.

# કાળઝાળ ગરમીમાં પેટિયું રળતા શ્રમિકો...

ગાંધીનગર, તા. ૬

એક તરફ કોરોના નો કહેર અને બીજી તરફ ઉનાળાનો ધોમ ધખતો તાપ. આવામાં શ્રમિકોને હાલત અત્યંત દયનિય છે. કોરોના ને કારણે કામધંધા ઠપ છે. જોકે સેવાભાવી સંસ્થાઓ ભોજન પૂરું પાડી રહી છે. છતાં નવરા બેસવા કરતાં કંઈ કામ કરી પેટિયું રળી રહ્યા છે. હાલ શહેરમાં ગરમાળાની શીંગો ઝાડ પર જોવા મળે છે. નર્સરી તરફતી શ્રમિકોને આ ગરમાળાની શિંગોને ઉતારવાની તેમજ તેના 'બી' કાઢવાની કામગીરી કરાવવામાં આવી રહી છે જેના બદલામાં નક્કી કરેલ કીમત ચુકવવામાં આવે છે. આ 'બી' નો ઉપયોગ બિયારણ માટે કરવામાં આવે છે. એક રીતે ગરમાલાનું ઔષધિ તરીકે પણ મહત્વ છે. શહેરમાં ઘણી જગ્યાએ ઝાડ પરથી ગરમાળાનો શીંગો ઊતરતાં એકઠી કરતાં અને તેના 'બી' કાઢતા શ્રમિકો જોવા મળી રહ્યા છે. ધોમધખતા તાપમાં ઘરમાં રહેતા નસીબદાર લોકો પંખા, કૂલર અને એર કન્ડીશન ની વચ્ચે ટીવી જોતા મોબાઈલ રમતા લોક ડાઉનમાં સમય પસાર કરી રહ્યા છે. ત્યારે ભર બપોરે કાળઝાળ ગરમીમાં પત્થરથી ગરમાળાનો શિંગો તોડી 'બીજ' કાઢી પેટિયું રળતા શ્રમિકો જીવન માટે સંઘર્ષ કરી રહ્યા છે.

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામના પાટીદાર યુવક મંડળ દ્વારા પાટીદાર સ્મશાન ગૃહને સ્વરછતા કરી ખુબ સુંદર બનાવવામાં આવ્યું. અત્યારે આ કોરોનાના કહેરમાં ઘરે બેસીને આવા સુંદર વિચારસરણી વાળા કોલવડા ગામના પાટીદાર યુવક મંડળના દરેક સભ્યો બીજા માટે પ્રેરણારૂપ બન્યા છે. તથા આગામી દિવસોમાં સોશ્યલ ડીસ્ટન્સીંગ અને સરકારના નિતિ નિયમોનો ધ્યાનમાં રાખીને કોલવડા ગામ સ્વરછ અને સુંદર રહે તે માટેની કામગીરી પાટીદાર યુવક મંડળ તથા કોલવડા ગામ ના યુવકો દ્વારા કરવામાં આવશે. જેમાં જયમીન,ભાર્ગવ, પ્રશાંત ,ઉર્વીશ,ભાવેશ, હાર્દિક,સાહિલ,યશ,ધાર્મિક, કૌશિકભાઈ,અલ્પેશ ભાઈ જેવા યુવાનો ધ્વારા આ અદભૂત કામ હાથ ધરવામાં આવ્યું છે.